મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૫૫ ટકા

ગાંધીનગર તાપમાન

નવરાત્રીને પગલે જનરેટરના ભાડામાં વધારો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો માહોલ જામ્યો છે. નવરાત્રીની તડામાર તૈયારીઓ આયોજકોએ આરંભી દીધી છે. ત્યારે આ વર્ષે નવરાત્રી સ્થળે કામ ચલાઉ આપવામાં આવતું લાઈટ કનેકશનના નિયમો આયોજકો માટે અઘરા સાબિત થઈ રહ્યા છે. જેથી અટપટા નિયમોને પગલે કેટલાક સેકટરોના નવરાત્રી આયોજકોએ નવ દિવસ માટે જનરેટર ભાડે લઈ લીધા છે. જેથી શહેરમાં જનરેટરનો વેપાર કરતા વેપારીઓએ ભાડામાં તોંતિગ વધારો ઝીંકી દીધો છે. તો કેટલાક ઠેકાણે નવરાત્રીનું બજેટ પણ રૂ. ૮૦ હજારથી લઈને રૂ.૧ લાખ સુધી વધી જવા પામ્યું છે.

શહેરમાં નવરાત્રીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના ગ્રાઉન્ડની સાફસફાઈ ચાલી રહી છે. રાત્રી બેઠકો તેમજ નવરાત્રીના ફાળાની રકમની ઉઘરાણી ચાલી રહી છે. ત્યારે નવરાત્રીમાં નવ દિવસ ઝગમગાટ રહે તે માટે લાઈટ કનેકશન મહત્વનું હોય છે. ત્યારે નવરાત્રી માટે તંત્ર દ્વારા આપવામાં આવતું કામચલાઉ લાઈટ કનેકશન મેળવવા માટેની પધ્ધતિ હવે આયોજકોને અઘરી લાગી રહી છે. જેથી શહેરમાં કેટલાક નાની-મોટી નવરાત્રીના આયોજકો દ્વારા જનરેટર ભાડે લઈ લીધા છે. જેથી જનરેટરના વેપારમાં તેજી જોવા મળી રહી છે. તો બીજી તરફ જનરેટર ભાડે લેવા તેમજ ખરીદી કરવા આયોજકો મથામણ કરી રહ્યા છે. ત્યારે નવા જનરેટરની ખરીદીને પગલે નવરાત્રી બજેટમાં તોંતિગ વધારો થઈ જાય છે. જેથી કેટલાક આયોજકો દ્વારા ફાળાની રકમમાં પણ વધારો કરી દેવાયો છે. પરંતુ આ વર્ષની નવરાત્રીનું બજેટ જનરેટરને પગલે ખોરવાઈ ગયું હોય તેમ આયોજકોને લાગી રહ્યું છે.

@ગાંધીનગર

● સંકટ ચતુર્થી નિમિત્તે શ્રી સિધ્ધિ વિનાયક મંદિર મહારાષ્ટ્ર સમાજ ભવન સે-૨૧ ખાતે સાંજે સાત વાગે મહાઆરતીનું આયોજન.

મદદનીશ ઈજનેર વર્ગ-૨ની ભરતીમાં ૩૩ ટકા મહિલા અનામતનું માપદંડ ન જળવાતા રજૂઆત

મહિલા ઉમેદવારોએ જીપીએસસીના પરિણામ સામે રોષ વ્યકત કરી નાયબ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા.૨૭

જીપીએસસી દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી મદદનીશ ઈજનેર (સિવલિ) વર્ગ-૨ની ૪૦૦ જગ્યાઓ પર ૩૩ ટકા મહિલાઓની જગ્યાઓનું માપદંડ મુજબ પસંદગી ન થતા આજે કેટલાક ઉમેદવાર મહિલાઓએ રોષ વ્યકત કર્યો હતો અને આ બાબતે ધ્યાન દોરવા ઉપમુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું અને ન્યાયની માંગ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક ૩૭/૨૦૧૭-૧૮ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની મદદનીશ ઈજનેર (સિવિલ) વર્ગ-૨ની ૪૦૦ જગ્યાઓના ઉમેદવારોની પસંદગી માટે જાહેરાત બહાર પાડવામાં આવી હતી જેનું પરિણામ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજય દ્વારા ૩૩ ટકા જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે ફાળવણી કરવામાં આવી છે. જેમાં દરેક વર્ગ-૧ની જાહેરાતમાં મહિલા ઉમેદવારોની જગ્યા માટે પસંદગી કરવામાં આવી હતી પરંતુ જાહેરાત ક્રમાંક ૩૭/૨૦૧૭-૧૮ વર્ગ-૨ની જગ્યા અંદર આ મહિલાઓની ૩૩ટકા જગ્યાઓના માપદંડ મુજબ પસંદગી કરવામાં આવી નથી કુલ ૪૦૦ જગ્યાઓ પૈકી ૧૩૨ જગ્યાઓ મહિલા માટે અનામત રાખવામાં આવી હતી જે પૈકી ખાલી ૫૬ જગ્યાઓ ઉપર જ મહીલા ઉમેદવારની પસંદગી કરવામાં આવી છે. જેના અન્વયે ૧૩૨-૫૬ બરાબર ૭૬ જગ્યાઓ ઉપર પુરુષ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે જેની અંદર ૫૨ જગ્યાઓ બિન અનામતની અને ૨૫ બીજા સંવર્ગની જગ્યાઓ સામેલ થાય છે. ૧૦ટકા ઓછા કટ ઓફ નહી પરંતુ મહિલા ઉમેદવારની જગ્યાઓ પર મહિલા ઉમેદવાર ભરવી જોઈએ કટ ઓફ પુરુષ ઉમેદવાર સાથે સરખામણી ન કરવી જોઈએ ૧૦ ટકા ઓછા કટ ઓફના કારણે પ્રતિક્ષા યાદીમાં પણ એક પણ મહિલા ઉમેદવારનો સમાવેશ નથી કરાયો જે મામલે કેટલીક ઉમેદવાર મહિલાઓએ આ અન્યાય સામે રોષ વ્યકત કર્યો છે અને ઉપમુખ્યમંત્રી નિતિનભાઈ પટેલને લેખિતમાં આવેદપત્ર આપી ધ્યાન દોર્યું હતું.

વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના પ્રોગ્રામ ઓફિસર સહિત એક સ્વયંસેવકને એનએસએસ એવોર્ડ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પાસેના ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર અલ્પેશ દફડાને સ્ટેટ બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર્સમાં પસંદ કરવામાં આવ્યા છે. આ સાથે કોલેજની વિદ્યાર્થીની સલોની પરીખની બેસ્ટ વોલીયન્ટર્સમાં પસંદગી કરવામાં આવી છે. બંનેને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે સન્માનવામાં આવ્યા હતા.

અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં તાજેતરમાં યોજાયેલા એનએનએસ ડે ઉજવણી કાર્યક્રમમાં રાજયમાં એનએનએસ યુનિટમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર પ્રોગ્રામ ઓફિસર્સ તેમજ સ્વયંસેવકોને સન્માનવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય સેવા યોજનાને ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આ ઉજવણીનું આયોજન કરાયું હતું. છેલ્લા બે વર્ષમાં વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના એનએનએસના પ્રોગ્રામ ઓફિસર અલ્પેશ દફડાને રાજયના બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરોમાં સામેલ કરી તેમનું એવોર્ડ આપી સન્માન કરાયું હતું. તેજ રીતે વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજની વિદ્યાર્થીની સલોની પરીખને પણ સ્વયંસેવક તરીકે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ એવોર્ડ આપી સન્માનવામાં આવી હતી. રાજયભરમાંથી ૪ પ્રોગ્રામ ઓફિસર્સ તથા ૬ સ્વયંસેવકોની પસંદગી એવોર્ડ માટે કરાઈ હતી જેમાં બંનેનો સમાવેશ કરાયો હતો.

સત્યનારાયણ કથા અને બિનવારસી મૃતક શ્રાધ્ધ

ગાંધીનગર, તા.૨૭

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા દર વર્ષની જેમ બિનવારસી અનામી મૃતકોના મોક્ષ અર્થે શ્રાધ્ધવિધિ અને શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તા. ૩૦-૯-૨૦૧૮ રવિવારના રોજ સંસ્થાના કાર્યાલય સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, સે-૧૨ ખાતે રાખેલ છે તો સર્વે નગરજનોને તેનો લાભ લેવા જણાવાયું છે.

શ્રી સૌરાષ્ટ્ર જૈન મિત્ર મંડળ દ્વારા તપસ્વીઓનું બહુમાન કરાયું

ગાંધીનગર, તા.૨૭

શ્રી સૌરાષ્ટ્ર જૈન મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા સેકટર-૨૨ ખાતે તપસ્વીઓના બહુમાન તથા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ રવિવાર તા. ૨૩-૯-૨૦૧૮ના રોજ પૂજય ગુરુ ભગવતની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખે મંડળની પ્રવૃત્તિઓની માહિતી આપી દાતાશ્રીઓનો આભાર માન્યો હતો. જેમાં ૫૦ જેટલા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું અને સમાજના બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે પૂજય ગુરુભગવતે તપ ઉપર સુંદર પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે ખુબ જ મોટી સંખ્યામાં તપસ્વીઓ તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને અંતમાં પ્રમુખે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

સિવિલમાં સ્વાઈન ફલુ ઓપીડીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુ ઓપડીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મેડીસીન ઓપીડી વિભાગમાં જ સ્વાઈન ફલુ ઓપીડી શરુ કરાઈ છે. જેથી મેડીસીન વિભાગમાંથી શરદી, ઉધરસ અને તાવના દર્દીઓની લાગતી લાઈનમાં ઘટાડો થાય તેમ લાગી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં આ વાયરસ વધુ આક્રમક બન્યો છે. શરૂઆતમાં તો માત્ર ફેફસાને અસર કરતા હતા હવે શરીરના કોઈપણ અવયવ પર હુમલો કરી શકવા સક્ષમ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલના તાત્કાલીક વિભાગ અને ઓપીડી વિભાગ સહિત અંદાજીત બે હજારથી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે. દર્દીઓને પગલે લેબોરેટરી વિભાગ અને એકસ-રે, સોનોગ્રાફી વિભાગમાં પણ દર્દીઓની લાબી લાઈનો જોવા મળે છે. તો બીજી તરફ સિવિલના વોર્ડ તાવ, ઉધરસ, ઝાડા-ઉલ્ટી, મેલેરીયા, ટાઈફોઈડ, કમળા સહિતના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. જયારે ભેજવાળા વાતાવરણને પગલે સ્વાઈન ફલુના કેસ પણ સામે આવ્યા છે. સ્વાઈન ફલુનો વોર્ડ તંત્ર દ્વારા કાર્યરત કરી દેવાયો છે. શહેરમાં ઘેર ઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. ત્યારે મેડીસીન વિભાગમાં દર્દીઓની લાંબી લાઈનો સર્જાતી હતી. જેમાં મોટાભાગના દર્દીઓ તાવ અને શરદી-ઉધરસના હોય છે. જેથી સિવિલ તંત્ર દ્વારા મેડીસીન ઓપીડી વિભાગમાં જ અન્ય રૂમમાં સ્વાઈન ફલુ ઓપીડી શરુ કરી છે. જેથી તાવ, શરદી અને ઉધરસ સહિત અન્યડેન્ગ્યુ કે સ્વાઈન ફલુના લક્ષણો ધરાવતા દર્દીઓ તુરંત આ ઓપીડીમાં સારવાર કરાવી શકે છે. એક જ સ્થાને બે ઓપીડી હોવાથી દર્દીઓને પણ લાંબી લાઈનમાંથી છુટકારો મળશે અને યોગ્ય નિદાન થશે. બેવડી સિઝનને પગલે સિવિલમાં દર્દીઓનો ધસારો વધી ગયો છે. તો બીજી તરફ શહેરના ખાનગી દવાખાના પણ મોડીરાત સુધી શરુ રહે છે અને દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા પણ રોગચાળાને કાબુમાં કરવા સતત કામગીરી કરવામાં આવી રહી છે. તંત્રના અધિકારી-કર્મચારીઓ રાત-દિવસ એક કરી રોગચાળો ના ફેલાય તે માટે પ્રયત્નો કરી રહ્યા છે. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગંદકીના સ્થળો પર દવાનો છંટકાવ કરવાની કામગીરી પણ શરુ કરી દેવામાં આવી છે.

માધવગઢ પાસે નદીમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીકના માધવગઢ પાસે સાબરમતી નદીમાં આજે સવારે અજાણ્યા યુવાનનો મૃતદેહ નગ્ન હાલતાં પાણીમાં ડુબેલ મળી આવ્યો હતો. આ મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી તેના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગર નજીક માધવગઢ ગામ આવેલું છે. જયાં પાસેથી સાબરમતી નદી પસાર થાય છે. આ નદીમાં સવારે નવ વાગ્યા પહેલા ૨૦ વર્ષીય યુવાન પાણીમાં ન્હાવા પડયો હતો જેનું ડુબી જતા મોત થયું હતું.

આ મામલે સ્થાનિક રહીશોને જાણ થતા તુરંત પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે ઘટના સ્થળે આવી યુવાનના મૃતદેહને બહાર કાઢી તપાસ કરી હતી. જો કે યુવાને શરીર પર કોઈ કપડા પહેરેલ નથી તેવું પોલીસને નજરે પડયું હતું.

બીબીએ કોલેજ ખાતે આજે ઊર્જા બચાવ સંદર્ભે અનોખો કાર્યક્રમ

કડી કેમ્પસ સેકટર-૨૩ ખાતે ભોળાભાઈ પટેલ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ દ્વારા કેલેરી બાળો અને ઊર્જા બચાવો વિષય પર ત્રણ કલાકનો અનોખો કાર્યક્રમ યોજાયો છે. કોલેજના તમામ વિદ્યાર્થીઓ સાયકલ પર ઘરેથી કોલેજ આવવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત કોલેજના ઓડીટોરિયમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના નિયામક ડૉ. અનિલ પટેલનું માહિતીપ્રદ પ્રવચન યોજાયું છે.

લાકરોડા ગામેથી દારૂનો જથ્થો ભરેલી જીપ પકડાઈ : એકની ધરપકડ

પોલીસ કુલ ૧૪૩ નંગ દારૂ સહિતનો રૂ. ૩.૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે આજે ફિલ્મી ઢબે દારૂ ભરેલી બોલેરો કારનો પીછો કરી માણસાના લાકરોડા ગામેથી પકડી પાડી હતી. પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરી કુલ રૂ. ૩.૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે માણસા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ વડા કે.એફ. બલોળીયાએ જિલ્લામાં દારૂ બદીને રોકવા માટે લોકલ ક્રાઈમ બ્રાંચને સૂચનાઓ આપતા પી.આઈ. જે.ડી. પુરોહિતે પોતાની ટીમો કામે લગાવી દીધી હતી. ગત રોજ રાત્રિ દરમિયાન એ.એસ.આઈ. પુનમભાઈ મહેન્દ્રસિંહ, અજયકુમાર વગેરે પોલીસ કર્મી માણસા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા આ દરમિયાન મહેન્દ્રસિંહને બાતમી મળી હતી કે દારૂ ભરેલી બોલેરો જીપ પસાર થવાની છે. પરિણામે ક્રાઈમ બ્રાંચની ટીમે અનોડીયા ત્રણ રસ્તા પર વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ જીપને ઉભી રાખવાની કોશિશ કરી હતી. પરંતુ જીપના ચાલકે જીપને દોડાવી મુકી હતી આથી પોલીસે તુરંત જ જીપનો પીછો કરી ફિલ્મી ઢબે પાછળ જઈને લાકરોડા ગામે જીપને પકડી પાડી હતી. પોલીસે જીપની તપાસ કરતા તેમાંથી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૧૪૩ કિં રૂ. ૮૮૩૬૧ સાથે આરોપી જીપ ચાલક રમેશ મૂળજીભાઈ રોતજી પટેલ ગામ પાલદર તા. સરાડા, જિલ્લો ઉદેપુર રાજસ્થાનને ઝડપી પાડયો હતો. પોલીસે આ ઉપરાંત રૂ. ૩,૪૦,૩૬૧નો જીપ સાથેનો મુદ્દામાલ કબજે કરી રમેશ પટેલ ઉપરાંત અન્ય ઈસમ રણજીત મીણા અને રાજુ મીણા વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી શરુ કરી છે અને તમામ વિરુધ્ધ માણસા પોલીસ તપાસ ચલાવી રહી છે.

આજે શહેરના મેડીકલ સ્ટોર બંધ રહેશે

ઓનલાઈન ફાર્મસી વિરુધ્ધ મેડીકલ ધારકો વિરોધ દર્શાવશે

ગાંધીનગર, તા.૨૭

ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ તરફથી સમગ્ર ભારતમાં ઓનલાઈન ફાર્મસી વિરૂધ્ધ મેડીકલ સ્ટોરો બંધ રાખી વિરોધ દર્શાવવાનો છે. ગુજરાત સ્ટેટ કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશન સાથે એફીલીએટેડ ગાંધીનગર ડીસ્ટ્રીકટ કેમીસ્ટ એસોસીએશન આ બંધમાં જોડાયેલ છે.

દર્દીઓને તકલીફ ન પડે તે માટે ગાંધીનગર જિલ્લામાં ઈમરજન્સી સર્વિસ માટે ચાર મેડીકલ સ્ટોર્સ ખુલ્લા રાખવામાં આવશે. જેમાં ગીતા કેમીસ્ટ સે-૨૨, પંચદેવ મંદિરની સામે, રાધે ફાર્મસી-રિલાયન્સ સર્કલ-કુડાસણ, ક્રિષ્ણા મેડીકલ સ્ટોર્સ, ક્રિષ્ણા હોસ્પિટલ-ચિલોડા તથા ઉમીયા કેમીસ્ટ સે-૭ એસ.ટી.ડેપોની સામેનો સમાવેશ થાય છે.

સે-૫-સી નવરાત્રી સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૭

નવરાત્રિ મહોત્સવ સમિતિ સે-૫-સી, શિવશકિત સોસાયટીની નવરાત્રી મીટીંગ તા. ૨૮-૯-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ છે. આ સાથે રાત્રે ૮ કલાકે હાસ્ય રસ સાથે આનંદના ગરબાનું આયોજન કરાયું છે. જે બકાલાલા ગ્રુપ અમદાવાદ દ્વારા રજુ કરવામાં આવશે. તો આ પ્રસંગે સૌ નગરજનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

દંઢાવ્ય (સત્તાવીસ) ઔદીચ્ય સહસ્ત્ર મંડળ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૨૭

શ્રી દંઢાવ્ય (સત્તાવીશ) ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળ ગાંધીનગર દ્વારા દર વર્ષે તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે તે પ્રમાણે ચાલુ વર્ષમાં પણ વિદ્યોત્તેજક મંડળ દ્વારા તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવશે. ધો-૧૦-૧૨ના તમામ ફેકલ્ટીના તથા સ્નાતક-અનુસ્નાતક કક્ષાના તેજસ્વી તારલાઓએ મંડળના ઠરાવેલ ફોર્મ મંત્રીશ્રીના કાર્યાલયમાંથી મેળવી લેવા અને તા. ૩૧મી ઓકટોબર સુધીમાં પરત જમા કરાવવાના રહેશે. જેની સાથે ઝેરોક્ષ માર્કશીટ મોકલવાની રહેશે. વિદ્યાર્થીઓનું મોમેન્ટો તથા સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવશે. સામાન્ય સભામાં વાર્ષિક અહેવાલ રજુ કરવાનો હોવાથી જાહેરાત આપવા ઈચ્છતા લોકોએ સમાજના હોદ્દેદારોનો સંપર્ક કરવા મંત્રી નવનીતલાલ ભટ્ટે જણાવેલ છે.

માનસિક ત્રાસ આપ્યાના અનિલ પરમારના દાવાને આઈબીનો રદિયો

અનિલ પરમાર કેબલ નેટવર્કિંગની બે કંપનીઓ વચ્ચે ખટરાગ મામલે ડખલગીરી કરતા હોવાનો આઈબીનો આક્ષેપ જયાં હોય ત્યાંથી પરત આવી તપાસમાં સહકાર આપે, તેમને પુરતી સ્વતંત્રતા અપાશે : આર.બી. બ્રહ્મભટ્ટ

ગાંધીનગર, તા.૨૭

બે દિવસથી ગુમ થનાર આઈબીના પીએસઆઈ અનિલ પરમાર મામલે આજે આઈબીના ઉચ્ચ અધિકારી આર.બી. બ્રહ્મભટ્ટે અનિલ પરમારને માનસિક ટોર્ચર કરાતા હોવાની વાતને રદિયો આપ્યો હતો. આ સાથે તેમણે અનિલ પરમાર જામ ખંભાળયા ખાતે કેબલ નેટવર્કનું કામ કરતી કંપની અને તેની પેટા કોન્ટ્રાકટ કંપની વચ્ચે ખટરાગ ઉભો થતા મધ્યસ્થી બનીને નાણાંકીય પતાવટ મામલે સકીય હતા જે અંગે તેમને આપવામાં આવેલ શૉ-કૉઝ નોટીસ સહિત ખાતાકીય તપાસમાં સહકાર આપતા નહોતા તેવો આક્ષેપ કર્યો છે.

આઈબી પોલીસના દાવા મુજબ પીએસઆઈ અનિલ પરમારે તેમની ચિઠ્ઠીમાં જે માનસિક ત્રાસનો આક્ષેપ કર્યો છે તે સદંતર ખોટો છે, તેમની સાત વર્ષમાં માત્ર એક જ વાર બદલી થઈ છે તથા એકવાર તેઓ પ્રજાસત્તાક દિનની પરેડમાં ગેરહાજર રહેતા દંડનીય કાર્યવાહી થઈ છે. જો તેમની વારંવાર બદલી થઈ હોય કે તેમના પર વારંવાર દંડનીય કાર્યવાહી કરવામાં આવી હોય તો તેને માનસિક ત્રાસ કહી શકાય પરંતુ એક જ સ્થળે પાંચ વર્ષ ફરજ બજાવી હોય ત્યારે બદલી થાય તે રૂટિન ખાતાકીય પ્રક્રિયા છે. આર.બી. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે અનિલ પરમારનું જયારે જામખંભાળીયા ખાતે પોસ્ટીંગ હતું ત્યારે તેમણે આઈડીયા કંપની દ્વારા કેબલ નેટવર્કિંગના કામ માટે ઓઝા કંન્સ્ટ્રકશન કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો તે ઓઝા કન્સ્ટ્રકશન કંપનીએ બીજી એક કંપનીને પેટા કોન્ટ્રાકટથી કામ આપ્યું હતું. આ બંને કોન્ટ્રાકટર કંપની વચ્ચે નાણાંકીય બાબતે ખટરાગ ઉભો થતા અનિલ પરમાર તેમાં અંગત રસ લઈને કાર્યરત હતા જે બાબતે આઈબીને ઈનપુટસ મળતા ચેતવવામાં આવ્યા હતા. આમ છતાં તેઓએ આ બંને કંપનીના મામલાને સુલઝાવવા આઈડીયા કંપની સાથે અમદાવાદમાં મીટીંગ યોજવામાં આવી હતી તેમાં પણ તેઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત અનિલ પરમાર ડખલગીરી કરતા હતા જે કામ તેમનું નહોતું. જે કારણોસર તેમને શૉ-કૉઝ નોટીસ આપી ખાતાકીય તપાસ પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી પરંતુ તેમને કોઈ પ્રકારનો માનસિક ત્રાસ આપવામાં આવ્યો નથી.

આ સાથે આર.બી.બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે અનિલ પરમાર જયાં હોય ત્યાં સલામત હોય તેવી પ્રાર્થના સાથે તેમને પરત આવી જવા અપીલ કરું છુ. તેમનો પરિવાર પણ ચિંતિત છે તેઓ પરત આવીને ખાતાકીય પ્રક્રીયામાં સહયોગ આપે તેમને પુરતી સ્વતંત્રતા આપવામાં આવશે.

પાંચ વર્ષે બદલી એ રૂટિન પ્રક્રિયા

આઈબીના જણાવ્યા મુજબ અનિલ પરમારની સાત વર્ષની ફરજ દરમિયાન માત્ર એક જ વાર બદલી કરાઈ છે અને તે પણ એક જ સ્થળે પાંચ વર્ષ જેટલી ફરજ થતા બદલી કરાઈ હતી જે એક સામાન્ય પ્રક્રીયા છે. વળી, એકવાર તેઓ ૨૬મી જાન્યુઆરીની પરેડમાં ગેરહાજર રહેતા તેમના પર રૂ. ૫ હજારનો દંડ કરાયો હતો જો તેમને માનસિક ત્રાસ આપવામાં આવતો હોય તો તેમની વારંવાર બદલી થઈ હોય કે વારંવાર તેમના પર દંડનીય કાર્યવાહી થઈ હોય પરંતુ તેવું કંઈ થયેલ નથી.

ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ આનંદનગર પ્લોટ નં. ૧૮૮ ખાતે સુનીતાબેન સોમાભાઈ પરમાર ઉ.વ. ૮૨નું દુ:ખદ અવસાન તા. ૨૬-૯-૧૮ના રોજ થયું છે. સદગતના કુટુંબીજન કુન્દલાલ એ. પરમારની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. મેઘા પટેલે પુરી પાડી હતી જયારે જુસીકાના કાર્યકર સંજય વાઘેલા તથા દિલિપ દંતાણીએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય શનિ વાઘેલા તથા બિનેશ વસાવડાએ કર્યું હતું.

ચિરવિદાય

● સ્વ. અંજનાબેન ધર્મેન્દ્રભાઈ ચૌહાણ, ઉ.વ. ૩૬